OAUK

# બોધીબીજ પ્રાર્થના

કરતાં જગત ઉપકાર જે, સંસાર તારણહાર જે,
ભવિજન તણા આધાર જે, હ્રદયના શણગાર જે
કરૂણાની ધાર વહાવીને, કરે ભવિકનર પાર જે
અરિહંત તે ભગવંતનું હું ભાવથી શરણું ગ્રહું (૧)

સંસારસાગરને તર્યા, શાશ્વત સુખોને જે વર્યા
સવિ કાજ આતમના સર્યા, નિરૂપમ ગુણોજો જે ભર્યા
કાતિલ કરમને પીલીને, નિજ રૂપમાં સ્થિર જે થયાં
કલ્યાણકારી સિદ્ધનું હું ભાવથી શરણું ગ્રહું (૨)

સંયમ તણા શણગારને, નિજ અંગે અંગે ધારતાં
ને રોમે રોમે ત્યાગને, વૈરાગ્યને અવધારતાં
ને રક્તના હર બિંદુમાં જિનઆણને પધરાવતા
કલ્યાણકારી સાધુનું હું ભાવથી શરણું ગ્રહું (3)

જેના પ્રભાવે જીવનમાં, સુખશાંતિની છોળો વહે
જેના પ્રભાવે વિશ્વમાં, ગુણગણ તણી સરિતા વહે
જેના પ્રભાવે આધિ-વ્યાધિને ઉપાધિ ના રહે
કલ્યાણકારી ધર્મનું હું ભાવથી શરણું ગ્રહું (૪)

આલોકને પરલોકમાં મેં, પાપ સેવ્યા અતિ ઘણા
હિંસા-મૃષા-ચોરી-અબ્રહ્મ ને મહાપરિગ્રહ તણા
મદમાન ક્રોધાદિ કષાયો, રાગ-દ્વેષોને વહ્યાં
મુજ પાપ એ મિથ્યા થજો... મુજ પાપ એ મિથ્યા થજો (૫)

અરિહંતની કરૂણા ભલી, વળી સિદ્ધની નિષ્કર્મતા
આચાર્યના આચાર ને, વિનય મહોપાધ્યાયના
સુસાધુની કડી સાધના, શ્રાવક તણી ઉપાસના
સવિ જીવના સુકૃત્યને ભાવે કરૂ અનુમોદના (૬)

મહાદાન-શીલ-તપ-ભાવ એ શુભધર્મ જગમાં 'જે' કરે
માર્ગાનુસારી મુક્તિસાધક, સૂકૃતો જે આચરે
જૈનેતરો પણ જે ગુણે કરું, તેહની અભિવંદના
સવિ જીવના સુકૃત્યને ભાવે કરૂ અનુમોદના (૭)

ભવ્યત્વનો પરિપાક હો ને, મુક્તિ નિકટ બની રહો
કર્મો તણા રસ તૂટતાં, આતમ હળુતા બની રહો
એ ભાવથી અષ્ટક રચ્યું પાવાપુરીના આંગણે
ગુરૂ હેમની કલ્યાણકારી બોધિ બાબુને મળે (૮)